**DISTRICT LEGAL SERVICES AUTHORITY, NAVSARI**
105, 1st Floor, District & Sessions Court Complex, Navsari-396445.
Phone No.: (02637) 243689 Email: dlsa.nav@gmail.com

**ડી.એલ.એસ.એ.જા. નં.૧૦૭/૨૦૨૪** **તા. ૧૯/૧૧/૨૦૨૪.**

વંચાણે લીધુ : નાલ્સા ધ્વારા નિર્મિત અર્ધ – કાનૂની સ્વયંસેવક માટેની યોજના (સુધારેલ).

**: જાહેરાત :**

**જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નવસારી.**

**નવસારી તથા તેના તાબા હેઠળની તાલુકા કાનૂની સેવા સમિતિ, નવસારી/ગણદેવી/ચીખલી/ખેરગામ/વાંસદા/આહવા/વઘઈ/સુબીર ખાતે પેરા લીગલ વોલેન્ટીયર્સની નિમણુંક બાબતે.**

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ તથા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના આદેશો અનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નવસારી ધ્વારા ગ્રામ પંચાયત કચેરી, પોલીસ સ્ટેશનો, જેલો, સ્થાનિક સંસ્થાઓ, વૃધ્ધાશ્રમો વિગેરે જગ્યાએ કાનૂની સેવા/સહાય કેન્દ્રોની સ્થાપના માટે, તેમજ સમગ્ર જિલ્લામાં કાનૂની સેવા કાર્યક્રમોના આયોજન તથા કાનૂની જાગૃતિના પ્રચાર – પ્રસાર અને સમાજના જરૂરિયાતમંદ લોકોને વિનામુલ્યે કાનૂની સહાય તથા સલાહ મળી રહે તથા લાભાર્થી અને વિવિધ સરકારી યોજનાઓ વચ્ચે કાનૂની સેવા સંસ્થાઓ સેતુ બની કલ્યાણકારી યોજનાઓને લાભ હાંસીયામાં ધકાયેલા લોકો સુધી પહોચાડી શકે તે હેતુસર આમુખમાં વંચાણે લીધેલ સ્કીમ મુજબ પેરા લીગલ વોલેન્ટીયર્સ (કાનૂની સહાય સ્વયંસેવક) તરીકે સેવા પુરી પાડવા માટે તે પદે નિમણુક કરવાની હોય, તે માટે રસ ધરાવતા સોશીયલ વર્ક, રૂરલ સાયન્સીસ, સમાજશાસ્ત્રના અભ્યાસક્રમ સાથે જોડાયેલ વિધ્યાર્થીઓ તથા શિક્ષકો, અન્ય અભ્યાસક્રમના વિધ્યાર્થીઓ અને ખાસ કરીને કાયદાના વિધ્યાર્થી (જયા સુધી તેઓ વકિલાત માટે એનરોલ ન થયા હોય ત્યા સુધી), આંગણવાડી કાર્યકરો, મહીલા ગ્રુપ/મૈત્રી સંગમ/સખી મંડળ અને અન્ય એવા મંડળો કે જેમાં હાંસીયા ધકાયેલા તથા નિર્બળ – સંવેદનશીલ વર્ગના વ્યકિતઓ સામેલ હોય, પાકા કામના કેદી કે જેનો સારો વ્યવહાર હોય અને લાંબા સમયની સજા પામેલ હોય, નિવૃત સરકારી કર્મચારીઓ અને વરિષ્ઠ નાગરિકો, સરકારી કર્મચારીઓ, નિવૃત શિક્ષકો, ડોકટર્સ/ચિકિત્સકો/તબીબો, નોન પોલીટીકલ એન.જી.ઓ ના સભ્યો, વિગેરે લોકો કે જે સ્વેચ્છાપૂર્વક રસ ધરાવતા હોય તેઓએ જરૂરી ફોર્મસ તથા વિગત જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, નવસારી અથવા તો તેમને લાગુ પડતી તાલુકા કાનૂની સેવા સમિતિ જેવી કે **નવસારી/ગણદેવી/ચીખલી/ખેરગામ/વાંસદા/આહવા/વઘઈ/સુબીર** ખાતેથી મેળવી લેવા તેમજ નિમણુકની વધુ માહિતી માટે તે કચેરીનો જ સંપર્ક કરવો.

નોંધ : નિમ્નલિખિત વ્યકિતઓ પેરા લીગલ વોલેન્ટીયર્સ તરીકે અરજી કરવા પાત્ર રહેશે નહી.

**સનદ ધરાવતા વકીલશ્રી, રાજકીય સંગઠનો સાથે સક્રીય સ્વરૂપે જોડાયેલ વ્યકિતઓ/એન.જી.ઓ./સંસ્થાઓ, કોઈ પણ ફોજદારી ગુનામાં દોષિત ઠરેલ વ્યકિત અથવા જેની સામે તેવા ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચાલુ હોય તેવી વ્યકિત, કોઈ પણ દિવાની અદાલત ધ્વારા નાદારા જાહેર કરાયેલ અથવા નાદારી નોંધાવેલ હોય તેવી વ્યકિત, કોઈ પણ વ્યકિત કે જે શારીરિક અથવા માનસિક રીતે પી.એલ.વી.ની કામગીરી કરવા અસક્ષમ હોય, કોઇ પણ વ્યક્તિ કે જેના વ્યક્તિગત હિત પેરા લીગલ વોલન્ટીયર સ્કીમના હિતોને કોઇ પણ રીતે પ્રભાવિત કરતાં હોય કે પછી કોઈ પણ વ્યકિત કે જેની પવૃતિ ઉપરોકત વંચાણે લીધેલ સ્કીમના હિતને તથા પી.એલ.વી તરીકેના હોદ્દાને નુકસાનકારક હોય.**

(૧) <u>**શૈક્ષણિક લાયકાતઃ**</u>

ઈચ્છનીય છે કે, ઉમેદવારે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ ની પરીક્ષા અથવા સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ. અરજદારને દેવનગરી ગુજરાતી લીપીમાં ગુજરાતી લખવાની તથા વાંચવાની સારી એવી વ્યાપક જાણકારી તેમજ ક્ષમતા હોવી જોઇએ.

(૨) <u>**આવેદન પત્રઃ**</u> આ પરીક્ષાના હેતું માટે અરજદારે આ જાહેરાતમાં આપેલ નમૂના મુજબ આવેદન પત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) <u>**અરજીની સાથે નીચે લખેલ આધારો પ્રસ્તુત કરવાઃ**</u>

(ક) જન્મતારીખ તથા રહેઠાણના પ્રમાણપત્રોની સ્વ પ્રમાણીત નકલ.

(ખ) શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની સ્વ પ્રમાણિત નકલ.

(ગ) અરજી ઉપર સ્વહસ્તાક્ષર વાળો પાસપોર્ટ સાઇઝનો નવો ફોટો લગાડેલ હોવો જોઇએ.

(ઘ) જાતિના પ્રમાણપત્રની સ્વ પ્રમાણીત નકલ.

(૪) <u>**વય મર્યાદાઃ**</u>

જાહેરાત ની તારીખે ઉમેદવારની ન્યુનત્તમ વયમર્યાદા ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઇએ.

(૫) <u>**અરજી તથા સેવાઓ ચાલુ રાખવા બાબતે નિર્ણયઃ**</u>

અપૂરતી અરજીઓ અથવા ક્ષતિયુક્ત અરજીઓ ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહિં. તેમ છતાં પ્રાપ્ત થયેલ કોઈપણ અરજી પર વિચારણા કે નિર્ણય લેવાની તમામ સત્તા અબાધિત રીતે આ કચેરી પાસે રહેશે. પી.એલ.વી. ની નિમણુંક તથા હકાલપટ્ટી ને સંબંધીત સંપૂર્ણ અધિકાર પણ આ કચેરી પાસે અબાધિત રહેશે.

૬) <u>પસંદગી પામેલ પી.એલ.વી. ની કામગીરી તથા માનદ વેતનઃ</u> પેરા-લીગલ વોલન્ટીયર્સએ જીલ્લા કાનૂની સેવા સત્તામંડળના નિર્દેશો મુજબ કાર્ય કરશે. તેમને માનદ વેતન વાસ્તવિક કાર્ય કરેલ હોવાના આધાર ઉપર નિયમઅનુસાર ચુકવવામાં આવશે. આ સિવાય અન્ય કોઇ પણ પ્રકારનો પગાર કે ફી ચુકવવામાં આવશે નહિં. તેઓ કોઈ લાભાર્થી પાસેથી પોતે આપેલ સહાય કે સેવા બદલ અવેજ, ભેટ, સોગાંદ કે અન્ય કોઈપણ સ્વરૂપે તેનો ઉપકાર સ્વીકારી શકશે નહી. જો તેમ કર્યાની કોઈ બાતમી કે શંકા ઉપજશે તો સબંધિત પી.એલ.વી. વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

૭) <u>સ્પષ્ટીકરણઃ</u>

અહિં એ સ્પષ્ટ કરવામાં આવે છે કે ઉમેદવારોએ પોતાના આવેદન પત્રમાં પી.એલ.વી. તરીકે કામગીરી કરવા માટેનું પોતાની ઇચ્છાનું સ્થળ જણાવવું આવશ્યક છે. ઉમેદવારે એ પણ જણાવવું જરૂરી છે કે તેઓ કયા સ્થાને? એટલે કે, જીલ્લા કક્ષાએ, તાલૂકા સ્તર પર અથવા ગામના સ્તર પર પી.એલ.વી. તરીકે કાર્ય કરવા માંગે છે. આ નિમણુક સમગ્ર વર્ષ દરમ્યાન ચાલુ રહેશે અને જરૂર જણાયેથી ચયન પામેલ પી.એલ.વીશ્રીઓનુ નોટીફીકેશન અત્રેની કચેરી ધ્વારા બહાર પાડવામાં આવશે.

<u>નોંધઃ</u> આવેદન કરનાર આ સાથે જોડેલ નમૂનામાં અરજી કરી શકશે.

( કે. ડી. દવે )<br>
અધ્યક્ષ<br>
જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,<br>
અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ, નવસારી.

*<u>નકલ રવાના જાણ સારૂ તથા નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.</u>*

(૧). કલેકટરશ્રીની કચેરી, નવસારી (પોતાના તાબા હેઠળની તમામ કચેરીઓના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ)

(૨). પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, નવસારી (પોતાના તાબા હેઠળના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ)

(૩). જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, નવસારી (પોતાના તાબા હેઠળની તમામ કચેરીઓના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ)

(૪).જિલ્લા માહિતી અધિકારીશ્રી, નવસારી (આ બાબતને બહોળી પ્રસિધ્ધી મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ)

(૫). નવસારી જિલ્લાની તમામ અદાલતોના નોટીસ બોર્ડમાં પ્રસિધ્ધ કરવા સારૂ રવાના.

(૬). નિયામકશ્રી, ડી.આર.ડી.એ. નવસારી (પોતાના તાબા હેઠળના તમામ સ્વસહાય જુથ, સખી મંડળો વિગેરેમાં પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ)

(૭). નવસારી જિલ્લાની તમામ કોલેજોમાં નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૮). તાલુકા કાનૂની સેવા સમિતિ, **<u>નવસારી/ગણદેવી/ચીખલી/ખેરગામ/વાંસદા/આહવા/વઘઈ/સુબીર.</u>**

(૯). સીસ્ટમ ઓફિસરશ્રી, કોમ્પ્યુટર બ્રાન્ચ, મુખ્ય જિલ્લા ન્યાયાલય, નવસારી. (ડિસ્ટ્રીકટ કોર્ટ, નવસારીની વેબસાઈટ પર જાહેરાત પ્રસિધ્ધ કરવા માટે)

(૧૦). રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત (તમામ કોલેજોમાં પ્રસિધ્ધ કરવા માટે)

(૧૧). રજીસ્ટ્રારશ્રી, નવસારી અગ્રીકલ્ચર યુનિવર્સીટી, નવસારી (તમામ કોલેજોમાં પ્રસિધ્ધ કરવા માટે)

(૧૨). જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી (પ્રાથમિક તથા ઉચ્ચતર માધ્યમિક), નવસારી

(૧૩). જિલ્લા રોજગાર અધિકારીશ્રી, નવસારી

(૧૪). પ્રમુખશ્રી,વકીલમંડળ, **<u>નવસારી/ગણદેવી/ચીખલી/ખેરગામ/વાંસદા/આહવા/વઘઈ/સુબીર.</u>**

(૧૫). નવસારી જિલ્લાના મુખ્ય મથકમાં આવેલ તમામ સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૧૬). સમાજ સુરક્ષા અધિકારીશ્રી, નવસારી (તમામ વિંકલાગો તથા વિધવા બહેનોને પ્રસિધ્ધ કરવા માટે)

(૧૭). ચેરીટી કમિશનરશ્રીની કચેરી, સુરત (તમામ એન.જી.ઓ તથા ટ્રસ્ટોને પ્રસિધ્ધ કરવા માટે)

(૧૮). રજીસ્ટ્રાર, કો - ઓપરેટીવ સોસાયટીઝ, સુરત (તમામ સહકારી સંસ્થાઓને પ્રસિધ્ધ કરવા માટે)

(૧૯). ચીફ ઓફિસરશ્રી, નવસારી નગરપાલિકા, નવસારી (તાબા હેઠળના તમામ ખાતાઓ તથા સંસ્થાઓના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા માટે)

(૨૦). સીલેકટ ફાઈલ ડી.એલ.એસ.એ. નવસારી ૨૦૨૪.

**<u>પેરા લીગલ વોલન્ટીયર્સની નિમણુંક બાબતે અત્રેની કચેરી ધ્વારા આપવામાં આવેલ જાહેરાત બાબતે નિમણુંક અંગેની લાયકાત તથા ફોર્મ સાથે રજુ કરવાના દસ્તાવેજો બાબતેની વિગત તથા કાર્યશૈલીને લગતી સુચનાઓ.</u>**

૧. પ્રત્યેક ઉમેદવારે ફોર્મ સાથે તેઓને જો કોઈ સેવાકિય પ્રવૃત્તિ અંગેના અનુભવ હોય, તો તે વિગતવાર દર્શાવી, તે સબબ આધાર પુરાવા, જો હોય તો રજુ રાખવા.

૨. જો ઉમેદવારની પસંદગી કરી નિમણુંક આપવામાં આવે તો સદર હોદ્દા માટે કોઈ પગાર, વળતર કે મહેનતાણું ચુકવવામાં આવશે નહી પરંતુ કામગીરી મુજબ વખતો વખત જો કોઈ માનદ વતન નકકી થાય તો તે ચુકવવામાં આવશે.

૩. જો ઉમેદવારની પસંદગી કરી નિમણુંક આપવામાં આવે તો ઉમેદવારે વખતો વખત અર્ધ-કાનુની સ્વયં સેવક તરીકેની કામગીરી માટે જે ફરજો નક્કી કરવામાં આવે તે ફરજો બજાવવાની રહેશે અને જો તેમ કરવામાં ચુક કરશે તો તેઓની નિમણુંક કોઈપણ પ્રકારની જાણ કર્યા વિના રદ કરવામાં આવશે. આમ પેરા લીગલ વોલન્ટીયર્સશ્રીની નિમણુક તથા તે નિમણુંક રદ કરવા સંબંધિત સંપુર્ણ અધિકાર, અધ્યક્ષશ્રી, જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, નવસારીનાઓની પાસે અબાધિત તથા સુરક્ષીત રહેશે.

૪. નિમણુંક પામેલ પેરા લીગલ વોલન્ટીયર્સને અત્રેની કચેરી 'આઈ કાર્ડ આપશે. જેની જાળવણી કરવાની જવાબદારી જે-તે પેરા લીગલ વોલન્ટીયર્સશ્રીની રહેશે. તેનો કોઈ ટોલનાકા ઉપર ટોલ બચાવવા કે અન્ય જગ્યાએ દુરઉપયોગ કરવાનો રહેશે નહી. જો કોઈ સંજોગોમાં સદર 'આઈ-કાર્ડ' ખોવાઈ જાય, તો તેની જાણ નજીકના પોલીસ સ્ટેશનમાં તથા અત્રેની કચેરીને કરવાની રહેશે. જેથી સદર 'આઈ-કાર્ડ' નો દુરુપયોગ અટકાવી શકાય.

(જે. ઝેડ. મહેતા)
સચિવ
જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,
નવસારી.

# પેરા લીગલ વોલંટીયર્સ (પી.એલ.વી) ની નિમણુંક માટેનું આવેદનપત્ર

| | | | |
|---|---|---|---|
| ૧) | ઉમેદવારનું નામ | : | |
| ૨) | પિતા/પતિનું નામ | : | |
| 3) | જન્મ તારીખ અને ઉમંર | : | |
| ૪) | જાતિ (સ્ત્રી કે પુરુષ) | : | પુરુષ ---------, સ્ત્રી -----------, અન્ય -------- |
| ૫) | વર્ગઃ સામાન્ય/અનુ.જા./અનુ.જ.જા/સા.શૈ.પછાત વર્ગ (જે વર્ગમાં હોય તે લખવું) | : | |
| ૬) | શૈક્ષણિક લાયકાત | : | |
| ૭) | હાલ શુ પ્રવૃતિ કરો છો ? | : | |
| ૮) | ટેલીફોન નંબર/મોબાઈલ નંબર | : | ટેલીફોન નંબર :<br>-----------------------------------------------<br>મોબાઈલ નંબર : |
| ૯) | હાલનું સરનામું | : | |
| ૧૦) | કાયમી સરનામુ | : | |
| ૧૧) | બ્લડ ગ્રુપ | : | |
| ૧૨) | જો ઉમેદવાર સેવા નિવૃતકર્મચારી હોય તો કયા પદ ઉપરથી સેવા નિવૃતિ થયેલ છે તે જણાવવુ | : | |
| ૧૩) | ઉમેદવાર વિરુધ્ધ કોઈ ફોજદારી પ્રકરણ ચાલુ છે કે કેમ ? જો ચાલુ હોય, તો સંપૂર્ણ વિગતો આપવી. | : | |
| ૧૪) | નજીકનુ પોલીસ સ્ટેશન | : | |
| ૧૫) | કઈ જગ્યાએ આપ સેવા આપવા ઈચ્છીત છો ? (જે જગ્યાએ આપ રહેતા હોય, અભ્યાસ અથવા તો રોજ બરોજ માતબર સમયગાળા સુધી રોકાવાનુ થતુ હોય એવી કોઈપણ એક જ જગ્યાની પસંદગી કરવી.) | : | જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, નવસારી ----------------<br>તાલુકા કાનૂની સેવા સમિતિ, નવસારી ------------------- |

| | | | |
|---|---|---|---|
| | | | નવસારી ------------------<br><br>ગણદેવી ------------------<br><br>ચીખલી ------------------<br><br>ખેરગામ ------------------<br><br>વાંસદા ------------------<br><br>આહવા ------------------<br><br>વઘઈ ------------------<br><br>સુબીર ------------------ |
| ૧૬) | વર્તમાન સમયમાં ઉમેદવાર કોઈ સંસ્થા એન.જી.ઓ. અથવા કોઈ વિશેષ સંગઠન સાથે જોડાયેલ હોય, તો તેની વિગત આપવી | | |

હું ______________________ સત્ય પ્રતિજ્ઞા ઉપર જાહેર કરૂ છું કે મેં લખેલ ઉપરોક્ત તમામ વિગતો મારી જાણકારી મુજબ સત્ય અને ખરી છે. વધુમા, અમો બાહેંધરી આપીયે છીએ કે, જો અમોને અર્ધ – કાનૂની સ્વયંસેવક તરીકે પસંદ કરવામાં આવશે તો, અમો અમારૂ કાર્ય સંપૂર્ણ નિષ્ઠા તથા વફાદારીથી નિભાવીશું અને તેમ કરવામાં પાછા પડીશું નહી. જો તેમ કરવામાં નિષ્ફળ જઈશુ તો જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ધ્વારા અમારી નિમણુક રદ કરવામાં આવશે જે બાબતે અમોને જાણ છે. વધુમાં અમો સોગંદ ઉપર એ પણ જાહેર કરીએ છીએ કે અમારા વિરુધ્ધ કોઈ પોલીસ કેસ/ફોજદારી ફરીયાદ કે નાદારી માટે દાવો દાખલ કરવામાં આવેલ નથી કે પડતર નથી અને અમો કોઈ ફોજદારી ગુનામાં તકસીરવાન ઠરેલ નથી કે નાદાર જાહેર થયેલ નથી. અમો સોગંદ ઉપર એ પણ જાહેર કરીએ છીએ કે અમો કોઈ રાજકીય પક્ષ સાથે જોડાયેલ નથી.

તા. / /૨૦૨૪

સ્થળ :- (ઉમેદવારની સહી)

# Application form of Para Legal Volunteers

Passport Size Photo

1. Full Name :---------------------------

(Starting with Surname)

2. Date of Birth :---------------------------

3. Qualification :---------------------------

4. Gender : Male ------ Female -----

5. Caste : SC ----- ST----- OBC----- OTHER ---- GENERAL -----

6. Blood Group :---------------------------

7. Contact No. :---------------------------

8.CorrespondenceAddress:---------------------------

9. Permanent Address :---------------------------

10. Occupation/Student :---------------------------

11.Nearest Famous Village:---------------------------

12. Nearest Police Station :---------------------------

13. If retired then from which post : ---------------------

14. I wish to serve as a PLV for:

DLSA, Navsari ------ TLSC, Navsari -------

TLSC, Gandevi ----- TLSC, Gandevi ------

TLSC, Chikhli ----- TLSC, Chikhli ------

TLSC, Khergam ----- TLSC, Khergam ------

TLSC, Vansda ----- TLSC, Vansda ------

TLSC, Ahwa ----- TLSC, Ahwa ------

TLSC, Waghai ----- TLSC, Waghai ------

TLSC, Subir ----- TLSC, Subir ------

16. Experience if any : ------------------------

I ---------------son/daughter/wife of ---------------- am willing fo do any work given to me as a Para Legal Volunteer at either District Level or Taluka Level or Village Level. I will fulfill my duties and if I fail to do so then, I will be disqualified by the District Legal Services Authority, Navsari Furthermore, I hereby, declare that I am fully aware with the fact that the work of PLV does not carry any salary, remuneration or wages except honorarium fixed by NALSA/GSLSA/DLSA from time to time.

I herby, declare upon oath by my religion that, no police / criminal / civil case has been instituted against me or is pending against me nor have I been convicted or proved guilty or declared as insolvent in any criminal case or civil suit, respectively. Moreover I also declare that I am not affiliated with any political party.

Date: / /2024

----------- Signature